# THE ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES

## GUJARAT STATE

Phone : (079) 26300360
Telefax : (079) 26304118
E-mail : info@jacpcldce.ac.in
Website : http://www.jacpcldce.ac.in

ACPC

L. D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad - 380 015.

**No. : ACPC/ADM-18/ ૬૧૫** **Dt. : 21-07-2018**

પ્રતિ,
આચાર્યશ્રી / મેનેજિંગ ટ્રસ્ટીશ્રી,
સ્વનિર્ભર હોટલ એન્ડ ટુરીઝમ મેનેજમેન્ટ સંસ્થાઓ.

**વિષય : સ્વનિર્ભર ડિગ્રી હોટેલ એન્ડ ટુરીઝમ મેનેજમેન્ટની સંસ્થાઓમાં ખાલી રહેલી બેઠકો (VQ) ઉપરાંત સંચાલક મંડળની બેઠકો (MQ) ઉપર પ્રવેશ આપવા બાબત.**

**સંદર્ભ : શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનાં જાહેરનામા ક્રમાંક : GS/SH/27/2013/PVS/102013/316/S તા. ૦૪-૦૬-૨૦૧૩**

મહોદય,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે આપને જણાવવાનું કે, ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગનાં સંદર્ભિત જાહેરનામા અન્વયે રાજયમાં આવેલી ડિગ્રી હોટેલ એન્ડ ટુરીઝમ મેનેજમેન્ટ અભ્યાસક્રમો ચલાવતી સ્વનિર્ભર સંસ્થાઓમાં મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ તમામ ઉમેદવારોને પ્રવેશ ફાળવ્યા બાદ ખાલી રહેલી જગ્યાઓ સંદર્ભિત જાહેરનામાનાં નિયમ-૧૯ 'ખાલી બેઠકો' તેમજ નિયમ-૪ (૧) B 'સંચાલક મંડળની બેઠકો' મુજબ ભરવાની થાય છે.

પ્રવેશ વર્ષ ૨૦૧૮-૧૯નાં ઓફલાઈન એડમિશનની પ્રક્રિયા તા. ૧૨-૦૭-૨૦૧૮ નાં રોજ અત્રેની સમિતિ દ્વારા પૂર્ણ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ખાલી રહેલી બેઠકોની યાદી પ્રવેશ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર ઉપલબ્ધ છે, આવી બેઠકો સંસ્થાસ્તરે નીચે મુજબની કાર્યરીતિને ચુસ્ત રીતે અનુસરીને ભરવાની રહેશે.

**<u>ખાલી રહેલી જગ્યાઓ માટે નીચે મુજબનાં અગ્રતાક્રમથી ઉમેદવારોની પસંદગી કરવાની રહેશે :</u>**

(૧) અત્રેની સમિતિનો પ્રવેશ વર્ષ-૨૦૧૮ નો મેરીટ ક્રમાંક ધરાવતા ઉમેદવારો.
(૨) પૂરક પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ હોય તેવા ઉમેદવારો.
(૩) લઘુત્તમ લાયકાત ધરાવતા ગુજરાત રાજ્ય સિવાયના અન્ય રાજ્યનાં બોર્ડનાં તમામ ઉમેદવારો.

ખાલી રહેલી જગ્યાઓ માટે ઉપરોક્ત કાર્યરીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને સંસ્થા દ્વારા પ્રવેશ ઈચ્છુક ઉમેદવારાના પ્રવેશ ફોર્મ કે જે સમિતિની વેબસાઈટ ઉપર રાખવામાં આવેલ છે. તે ભરાવીને જરૂરી પ્રમાણપત્રોની સ્વપ્રમાણીત નકલ તથા "Admission Committee For Professional Courses", Payable at Ahmedabad ના નામનો રૂા. ૩૫૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ (Non Refundable) ઉમેદવાર દીઠ જોડી અત્રેની સમિતિની તા. ૦૯-૦૮-૨૦૧૮ સુધી જમાં કરાવવાના રહેશે. સદર પ્રક્રિયા અર્થે બહોળી પબ્લીસીટી કરી, સંસ્થાસ્તરે ઉપર મુજબનાં સમયગાળા દરમ્યાન દર્શાવેલી કાર્યવાહી કરવાની રહેશે.

મેમ્બર સેક્રેટરી

Scanned by CamScanner